
**વડીલોને વંદન અભિનંદન**

**આજે જન્મદિવસ**



મનહરલાલ ચીમનલાલ શાહ (૧૯૪૫)ફોન : ૨૩૨૧૦૭૯૫



શકરીબેન ડાહ્યાભાઈ પટેલ (૧૯૪૬)ફોન : ૨૩૨૨૪૫૫૧



ભરત રણછોડભાઈ ચૌહાણ (૧૯૫૦)મો.૯૮૨૪૫૧૮૫૬૦

# શામળાજી માર્ગ પર બોલેરો અને બસ ટકારાતાં ત્રણનાં મોત


હિંમતનગર, તા.૧૭

સાબરકાંઠાના હિંમતનગર શામળાજી રોડ પર આજે સવારના દશેક વાગે બેરણા સ્ટેન્ડ પાસે એક બસ સાથે બોલેરો ગાડી ધડાકાભેર ટકરાતા બોલેરો ગાડીમાં બેઠેલા ત્રણના ઘટના સ્થળે કરૂણ મોત નિપજયા હતા. જયારે પાંચેક મુસાફરો ગંભીર રીતે ઘવાતા તેમણે હિંમતનગર હોસ્પિટલમાં ખસેડાયા હતા. જેમાં અતિગંભીર ચારને અમદાવાદ ખાતે તાબડતોબ ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર બોટાદનું એક બ્રાહ્મણ પરિવાર પોતાના વતન બોટાદથી હરિદ્વાર ગયું હતું. બોટાદના આ ૧૪ વ્યકિતઓનો પરિવાર હરિદ્વાર યાત્રા કરી જયપુરથી આજે સવારે ૧.૩૦ કલાકે બેરણા સ્ટેન્ડ પાસે જરઠાથી મેઘરજ હિંમતનગર આવતી બસ નં. જીજે-૧૮-વાય-૧૮૨૨ અને બોલેરો ગાડી નં. જીજે.૩-બીએ૫૬૧૮ને ટકરાતા ગાડીમાં મુસાફરી કરી રહેલા ત્રણના ઘટના સ્થળે કરૂણ મોત નિપજયા હતાં. જયારે ૫ જેટલા પ્રવાસીઓ ગંભીર પણે ઘાયલ થતા તેમણે હિંમતનગર હોસ્પિટલે ખસેડાયા હતા. જે પૈકી પાંચની સ્થિતિ ગંભીર જણાતા તેમને વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડાયા હતા.

હરિદ્વાર તીર્થસ્થાન કરી બોટાદ જઈ રહેલા પરિવારની ગાડીને નડેલા અકસ્માતની જાણ થતા પોલીસે ઘટના સ્થળે પહોંચી ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

મૃતકોની યાદી (૧) ભારતીબેન પ્રવીણભાઈ જોષી, ઉ.વ.૪૫ (૨) બાબુભાઈ વિહાભાઈ ખાચર, ઉ.વ. ૫૫ (૩) ભીખુભાઈ દરબાર, ઉ.વ.૫૦



બાઈકસવારને પોતાના રક્ષણ માટે ઉપયોગી થતું હેલમેટ માત્ર બાઈકસવારો માટે નહિં પણ અમારે તો એ રહેવાનું ઘર છે. હેલમેટમાં ચકલી માળો નાંખીને પોતાના બચ્ચાંને ઉછેર કરતી નજરે પડે છે. (તસવીર : હેમુભા વાઘેલા)

## ગુજરાત સ્ટેટ એકવીટેક ચેમ્પિયનશીપ યોજાઈ

ગાંધીનગર ડિસ્ટ્રીકટ સ્વીમીંગ એસોસિએશનના પ્રમુખ વિપુલ પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે તાજેતરમાં ગાંધીનગર જીમખાના સેકટર-૧૯ ખાતે ૩૯મી જુનિયર, ૨૯મી સબ જુનિયર ગુજરાત સ્ટેટ એકવીટેક ચેમ્પિયનશીપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૨ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો અને વિજયી બન્યા હતા. ગાંધીનગર સેકટર-૧૯ના જીમખાના ખાતે યોજાયેલ ગુજરાત સ્ટેટ એકવીટેક ચેમ્પિયનશીપ ૨૦૧૨ની સ્પર્ધામાં ૪૨ જેટલા હરિફો જોડાયા હતા. જેમાંથી ૧૯ સ્પર્ધકોએ નંબર મેળવી વિજેતા ક્રમ હાંસલ કર્યો હતો. ૧૩ છોકરાઓમાં કરણદાસ, નિહાલ, રાજીન્દ્ર, રવીન્દ્ર, વિશ્વ, નીલ, વિહાર, વ્યોમ, મંથન, હરીશ અને નિખીલે સફળતા મેળવી વિજેતા ક્રમ હાંસલ કર્યો હતો વિરાજ મોદી, પ્રિતી રાઠોડ, ડીલપ્રીત કોર, દિશા પટેલ, ઝીલ મોદી અને અનિસ્કાએ બહેનોના વિભાગમાં નંબર મેળવી વિજેતા બની હતી. સ્પર્ધકોને પ્રમુખ વિપુલ પટેલ, સહમંત્રી રાકેશ ભટ્ટે અભિનંદન પાઠવ્યા હતા.

## આધાર યુનિક આઈડેન્ટીફીકેશન માટે આઠ પ્રકારના પુરાવાઓ રજૂ કરી શકાશે

આધાર યુનિક આઈડેન્ટીફીકેશન રાજ્યમાં વધુમાં વધુ લોકો સુધી પહોંચે તેવા ઉદ્દેશથી તાજેતરમાં રાજ્ય યુનિક આઈડેન્ટીફીકેશન અમલીકરણ કમિટિએ કૌટુંબિક સંબંધોને લગતા આઠ પ્રકારના પુરાવાઓને માન્યતા આપી છે. જેમાં રેશનકાર્ડ, નરેગા જોબકાર્ડ, હેલ્થકાર્ડ (સી.જી.એચ.એસ./સ્ટેટ ગર્વન્મેન્ટ/ ઈ.સી.એચ.એસ./ ઈ.એસ.આઈ.સી./ પેન્શન કાર્ડ, આર્મી કેન્ટીન કાર્ડ, પાસપોર્ટ, જન્મ પ્રમાણપત્ર અને રાજ્ય/કેન્દ્ર સરકારે ઈસ્યુ કરેલ અધિકૃત ફેમિલી દસ્તાવેજનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# ગુજરાત ગૌણ ખનિજ નિયમો હેઠળ કલેકટરોની સત્તાઓ પ્રાંત અધિકારીને સુપરત કરવા વિચારણા

ગાંધીનગર, તા.૧૭

આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો કાર્યક્રમ હેઠળ ગુજરાત ગૌણ ખનિજ નિયમો ૨૦૧૦ હેઠળ જિલ્લા કલેકટરની સત્તાઓ પ્રાંત અધિકારીઓને સોંપવા માટેની સક્રિય વિચારણા રાજય સરકારે હાથ ધરી છે.

આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકોના અભિગમ હેઠળ ગુજરાત ગૌણ ખનિજ (કન્સેશન) નિયમો ૨૦૧૦ના નિયમ-૨ હેઠળ જિલ્લા કલેકટરની સત્તાઓ પ્રાંત અધિકારને સુપ્રત કરવા મહેસૂલ વિભાગો અભિપ્રાય માંગવામાં આવેલ.

જે અંગે મહેસુલ વિભાગે કેટલીક સ્પષ્ટતાઓ માંગી છે જેમાં ગુજરાત ગૌણ ખનીજ નિયમો ૨૦૧૦ના નિયમ-૨ હેઠળ જિલ્લા કલેકટરની સત્તાઓ પ્રાંત અધિકારીને સુપ્રત કરવામાં આવે તો કમિશનર ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશનર કચેરી દ્વારા આ અંગે જિલ્લા તાલુકા લેવલે શું વ્યવસ્થા ગોઠવવામાં આવનાર છે તેની સ્પષ્ટ વિગતવાર માહિતી મોકલવા જણાવાયું છે.

આ ઉપરાંત પ્રાંત અધિકારી જાણકાર સ્ટાફ વગર આ કામગીરી કરી શકશે કે કેમ? જિલ્લા ભૂસ્તર વિજ્ઞાનની કચેરી દ્વારા કામગીરી માટે જરૂરી સ્ટાફ તબદીલ કરવા કે ફાળવવામાં આવનાર છે કે કેમ? ઉપરોકત તબદીલી કે ફાળવણી જે તે તાલુકામાં વર્કલોડ મુજબ કરવામાં આવનાર છે કે કેમ? આ કામગીરી સાથે વહીવટી ખર્ચ પેટે કોઈ ગ્રાન્ટ કે નાણાંકીય બાબતો તબદીલ કરવામાં આવનાર છે કે કેમ? જિલ્લાઓમાં આ કામગીરી રોટેશન પ્રમાણે અઠવાડિયાના અમુક નક્કી દિવસો પ્રમાણે પ્રાંત વાઈઝ સ્ટાફ ફાળવણી શકય છે કે કેમ? ઉપરોકત કામગીરી અંગે કાયદાકીય વહીવટી પ્રશ્નો કોર્ટે મેટરો કઈ રીતે હલ કરવા આયોજન છે તેની વિગતો ઉકત બાબતે કમિશનર ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ કચેરીનું સ્પષ્ટ મંતવ્ય માંગવામાં આવ્યું છે.

ભૂસ્તર વિજ્ઞાન ખનીજ કચેરીના સ્પષ્ટ મંતવ્યો અને મહેસૂલ વિભાગના અભિપ્રાય આવ્યા બાદ કલેકટરની સત્તાઓ પ્રાંત અધિકારીઓને સોંપવા માટેની એક દરખાસ્ત તૈયાર કરવામાં આવશે અને ત્યારબાદ રાજય સરકારની મંજુરી અર્થે આ દરખાસ્ત રજુ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આ અંગે રાજય સરકાર આખરી નિર્ણય લે ત્યારબાદ કલેકટરની સત્તાઓ પ્રાંત અધિકારીઓને સોંપવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો કાર્યક્રમ અંતર્ગત પ્રાંત અધિકારીઓને કેટલીક વધુ સત્તાઓ અને પૂરતો સ્ટાફ ફાળવવા માટેની સક્રિય વિચારણા રાજય સરકારે હાથ ધરી છે.

## સમાચાર ઝલક

- ગુજરાત ગૌ-ભક્તિ મહોત્સવ ૨૦૧૨નું શ્રી રાજારામ ગૌશાળા આશ્રમ ટેટોડા જિ.ડીસા ખાતે તા. ૧૮મી મે, થી પ્રારંભ થશે.
- શ્રી શંકરસિંહ વાઘેલાની અવગણના અંગે હાઇ કમાન્ડ લાલઘૂમ.
- અમરનાથ યાત્રા માટેની અવધિ વધારવા ભાજપનાં શ્રી અરૂણ જેટલીની માંગણી.
- નાગપુરમાં અણ્ણા હઝારેના રસાલા પર પથ્થરમારો : અણ્ણા હઝારે સહી-સલામત.
- અધ્યાપકોના અનેકવિધ પ્રશ્નો બાબતે અધ્યાપક મહામંડળ આંદોલનના મૂડમાં : આજે ગાંધીનગરમાં મહત્ત્વની બેઠક.
- રેલ્વેના 'તત્કાલ' વેઇટીંગ ટિકીટને પહેલાં ક્લિયર કરવાનો નિર્ણય.
- વાસદ પાસે ટેલર-કાર વચ્ચે અકસ્માત : ૪ના મોત.
- રાપરના માંજુવાસમાં ૫૦ મોરના શિકારની આશંકા, તપાસનો ધમધમાટ : જીવદયા પ્રેમીઓમાં ચિંતા.
- બજેટ સત્ર પછી કોંગ્રેસનાં સંગઠનમાં તેમજ સરકારમાં ફેરફારોની વકી.
- પ્રખ્યાત કથાકાર પૂ. રમેશભાઇ ઓઝા દ્વારા કન્યા કેળવણીમાં રૂા. ૫૧ હજારનું દાન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીને અર્પણ કરેલ છે.
- તામિલનાડુના મુખ્યમંત્રી જયલલિતા એક વર્ષ સત્તા પૂર્ણ કરેલ છે, જે નિમિત્તે ૨૫ કરોડની જાહેરાતો કરવામાં આવી છે.
- વડાપ્રધાન મનમોહનસિંહ સરકારના કાર્યકાળમાં તમામ ચીજવસ્તુના ભાવ ડબલ.
- રિઝર્વ બેંકે કાઉન્ટર પરથી ચલણી સિક્કા/નોટનું વિતરણ બંધ કરતાં અછત સર્જાઇ.
- મંદીમાં ગભરાટની જરૂર નથી : પ્રણવની હૈયાધારણ બાદ શેરબજારમાં અને રૂપિયામાં સુધારો.
- પી.એફ.બેલેન્સ દર મહિને અપડેટ થશે, ઓનલાઇન ચકાસી પણ શકાશે : ૬ કરોડથી વધુ ખાતેદારોને લાભ.
- હિન્દુઓને માનસરોવર યાત્રા માટે તામિલનાડુ સરકારે સબસીડીની જાહેરાત કરી.
- ફિલ્મી બાદશાહ શાહરૂખ ખાન ફરીથી પોલીસના પાંજરામાં, પોલીસ ફરિયાદ નોંધાઇ : સ્ટેડિયમમાં પ્રવેશવા બાબતે બબાલ.



કાંકરેજ તાલુકાના ડુંગરાસણ મુકામે તાલુકા પંચાયત સીટમાં આવતા કુગ્રાસણ, પાદરડિ, આકોલી ઠા. વાસ અને આકોલી મા. વાસ આમ ચાર ગ્રામ પંચાયતોના સરપંચો, ખેડૂતો અને આગેવાનોની હાજરીમાં ૨૦૧૨નો કૃષિ મહોત્સવ યોજાયો હતો. આ કૃષિ મહોત્સવમાં ખેડૂતોને દાતાવાડા કૃષિ યુનિવર્સિટીનાતજજ્ઞો મારફતે બિયારણ ખરીદી કરવા, જમીનનું દષ્ટિકરણ કરવા, પશુઓને થતા રોગો સામે રક્ષણ મેળવવા તેમજ દૂધનું ઉત્પાદન વધારવા જેવા અનેક મુદ્દે સુંદર માહિતી આપવામાં આવી હતી. (તસવીર : હેમુભા વાઘેલા, થરા)

## શબ્દાવલી - ૪૭૩૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ■ | ૩ | ૪ | | ૫ |
| ૬ | | ■ | ૭ | ■ | | ■ | |
| | ■ | ૮ | | | | ૯ | ■ |
| ■ | ૧૦ | ■ | | ■ | ૧૧ | | ૧૨ |
| ૧૩ | | ૧૪ | | ■ | ૧૫ | | |
| | ■ | | ■ | ૧૬ | ■ | | ■ |
| ૧૭ | | | ■ | ૧૮ | ૧૯ | ■ | ૨૦ |
| | ■ | ■ | ૨૧ | | | | |

**આડી ચાવી**

૧. ખાંડ, ચીની (૩)
૩. આવડવું તે, કળા (૪)
૬. તાજુ ના હોય તેવું (૨)
૮. સૌરાષ્ટ્ર (૫)
૧૧. ખરાબ, બૂરું (૩)
૧૩. સાથ, સંગાથ (૪)
૧૫. પેરાલીસીસ (૩)
૧૭. ઘરેણુ, ઝવેરાત (૩)
૧૮. ડાળી ડાખળા ભેગા કરી બાંધે તેને.... કહેવાય (૨)
૨૧. ખેંચતાણ, ધમાધમ (૫)

**ઊભી ચાવી**

૧. વાળ, કેશ (૩)
૨. બાળકોને પૉલિયો વગેરેની.... અપયા છે (૨)
૪. સમુદ્રમાં રહેલો અગ્નિ (૫)
૫. તુક્કો (૨)
૭. ભલીવાર (૪)
૧૦. રસ્તો, રાહ (૪)
૧૨. એક ભાજી (૨)
૧૩. સમજ શક્તિ (૪)
૧૪. મરનારની મિલ્કત વગેરેનો હક્કદાર (૩)
૧૬. ભ્રમ, ખોટો અભ્યાસ (૩)
૧૯. રૂંવાડા (૨)
૨૦. સાર, સત્ત્વ (૨)

**શબ્દાવલી ૪૭૩૨ના જવાબ**

**આડી ચાવી :-** (૧)પારિજાત (૩) પાતક (૬) નેવર (૭) પગથાર (૯) આરપાર (૧૧) મદાર (૧૨) મગર (૧૩) હેમુદાન (૧૫) ધરા (૧૬) નીક (૧૭) બોલાન (૧૮) નળ

**ઊભી ચાવી :-** (૧) પાણીતર (૨) તમ્મર (૩) પાનેતર (૪) તવ (૫) કરતાર (૮) થાણેદાર (૧૦) પાનદાની (૧૧) મગ (૧૨) મજલો (૧૩) હેરાન (૧૪) નકર

# પગાર, પગાર ધોરણ સહીત સેવા વિષયક કોર્ટ કેસોમાં નાણા વિભાગ સાથે પરામર્શ કરવા વિભાગોને તાકીદ

ગાંધીનગર, તા. ૧૭

પગાર, પગાર ધોરણ પેન્શન તેમજ અન્ય સેવા વિષયક બાબતોના કોર્ટ કેસોમાં નાણા વિભાગ સાથે પરામર્શ કરવા તમામ વિભાગોને કડક તાકીદ કરવામાં આવી છે.

પગાર, પગાર ધોરણ ઉચ્ચત્તર પગાર ધોરણ, પેન્શન જેવી સેવાને લગતી નાણાંકીય બાબતો સાથે સંકળાયેલ તેમજ સરકારની નીતિ સાથે સુસંગત ના હોય તેવા કોર્ટ કેસના ચૂકાદાના અમલમાં અનિવાર્યપણે જ ચૂકાદો સ્વીકારવાની કે ચૂકાદા સામે અપીલ અંગેની કાર્યવાહી કરવાની આ વિભાગની સ્થાયી સૂચનાઓ છે.

આમ છતાં ઘણા વિભાગો કચેરીઓ દ્વારા આ સૂચનાનો અમલ કરવામાં આવતો નથી. અથવા અપીલ કરવાની વિચારણા હાથ ધર્યા સિવાય અમલીકરણ માટે આકસ્મિક નિધિમાંથી ઉપાડ કરવાની દરખાસ્ત રજુ કરવામાં આવે છે અને તેની મંજુરી મળતા તેને નાણા વિભાગની મંજૂરી ગણી લેવામાં આવે છે જે વહીવટી રીતે યોગ્ય નથી.

સરકારની ઠરાવેલ નીતિ સાથે સુસંગત ના હોય તેવા ચૂકાદાઓનો સ્વીકાર થઈ જાય છે જેને કારણે અનેકગણું નાણાંકીય ભારણ ઉભુ થાય છે. એટલું જ નહી સ્થાયી નીતિનો ભંગ થવાને કારણે અનેક વહીવટી પ્રશ્નો પણ ઉભા થાય છે. આથી આવી પરિસ્થિતિ નિવારવા આવા તમામ કેસોમાં નાણા વિભાગની સબંધિત પેન્શન સેવા વિષયક શાખાનો પરમાર્શ અચૂક થાય તે જોવા સર્વે વહીવટી વિભાગોનું ધ્યાન દોરવામાં આવ્યું છે.

આકસ્મિક નિધિમાંથી ઉપાડ કરવા અથવા ચૂકવણી માટે ગ્રાન્ટ મંજૂર કરાવવા માટે વિભાગ દ્વારા દરખાસ્ત કરવામાં આવે તે મુજબની કાર્યપદ્ધતિ અખત્યાર કરવા પણ તમામ વિભાગોને તાકીદ કરવામાં આવી છે.

# રાજ્યમાં ગરમીનો પારો હજુ ઉંચો જાય તેવી આગાહી

ગાંધીનગર, તા. ૧૭

રાજ્યના કેટલાક વિસ્તારોમાં સતત બે દિવસ કમોસમી વરસાદ પડ્યા બાદ ગરમીનો પારો ઉંચે જતા લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. આગામી બે દિવસ દરમ્યાન ગરમી વધુ પડે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

રાજ્યમાં છેલ્લા બે દિવસથી સતત ગરમી વધી રહી છે. ગાંધીનગરમાં ગરમીનો પારો ૪૧ ડીગ્રીએ પહોંચતા લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી ગયા છે. પાટનગર શહેરના રાજમાર્ગો ગરમીના કારણે સુમસામ બની જવા પામ્યા હતા. ગરમીથી બચવા નગરજનો ઘરમાં જ રહીને એસી અને પંખાનો ઉપયોગ કરીને ગરમીથી રાહત અનુભવી રહ્યા હતા.

માર્ગો પર વાહનવ્યવહાર પણ ગરમીના કારણે સૂનો પડી જવા પામ્યો હતો. દ્વાચક્રી વાહનચાલકો ટોપી કે રૂમાલ મોઢે બાધીને ગરમીથી બચવાનો પ્રયાસ કરી રહ્યા હતા. સરકારી કચેરીઓમાં પણ કર્મચારીઓ રીસેસમાં ચા પીવા જવાને બદલે કચેરીમાં જ બેસી રહીને એસીની હવા ખાતા જોવા મળ્યા હતા. આગામી બે દિવસ દરમ્યાન હજુ પણ ગરમીમાં વધારો થાય તેવી આગાહી કરવામાં આવી છે.

## એકત્રિત પરિપત્ર સંગ્રહનું વિમોચન કરતા શ્રીમતી આનંદીબેન પટેલ

ગાંધીનગર, તા. ૧૭

મહેસૂલ વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૮માં જમીન મોજણી, જમીન સંપાદન, ગણોત વહીવટ, શહેરી જમીન ટોચ મર્યાદા જેવા વિવિધ વિષયોને લગતી સૂચનાઓના ૧૮ પુસ્તકોનો સંપુટ બહાર પડયો હતો, જે સમગ્ર રાજ્યમાં મહેસૂલના ક્ષેત્રિય વહીવટમાં માર્ગદર્શકરૂપ પુરવાર થયો છે. આજે મહેસૂલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આ સંપુટની વિશેષ કડી સમાન ૧૯મા એકત્રિત પરિપત્ર સંગ્રહનું વિમોચન કલેકટર કોન્ફરન્સ દરમિયાન કર્યું હતું. જેને સર્વે કલેકટરોએ વધાવી લીધો હતો. આ એકત્રિત પરિપત્ર સંગ્રહમાં વર્ષ ૨૦૦૮ સુધીની સમાવિષ્ટ જોગવાઈઓ પછીની એપ્રિલ-૨૦૧૨ સુધીની જમીનને લગતી વિવિધ કાયદાકીય જોગવાઈઓ બાબતે પરિપત્રો, ઠરાવો, જાહેરનામાઓ અને વૈધાનિક જોગવાઈઓની નવી સૂચનાઓનું એકત્રીકરણ કરવામાં આવ્યું છે.

## લારીઓની હકાલપટ્ટી

● અનુસંધાન પહેલાનું ચાલુ

સરકારીપણું એ છે કે સરકારી માણસો તો ઑફિસ ટાઈમમાં જ કામ કરે. સાંજે ૬.૩૦ પછી તો નહીં. અને લારીવાળાઓને ખરો ધંધો આ સમય પછી જ મળે છે. સાંજે તડકો પણ ઉતરી ગયો હોય એટલે નગરજનો પણ મળી રહે અને કચેરીઓ છૂટતાં કર્મચારીઓ પણ ખરીદાર તરીકે મળી રહે. આ કારણે સાંજે અહીં બજાર પાછું ભરાઈ જાય છે. અને હવે તકલીફ એ થાય છે કે મેદાન તો ખોદી નખાયું છે એટલે આસપાસના રસ્તાઓ ઉપર જ લારીઓ ગોઠવાઈ જાય છે અને ખરીદારોને તો ખરીદીનો જ સ્વાર્થ હોય છે. એટલે સરવાળે રસ્તાઓ પર ભીડભાડ સર્જાય છે અને આ વિસ્તારમાંથી નીકળવુંય દુષ્કર થઈ જાય છે.

વાત ગમે તે હોય, પણ લારીઓવાળા આ સૅક્ટર છોડવા માંગતા નથી એ હકીકત છે. સામે સૅક્ટર-૬માં નિયત શાક માર્કેટ છે અને આવી તો ઘણી લારીઓ ગોઠવાઈ શકે એવું મોટું મેદાન પણ છે, પરંતુ એના દિવસો ક્યારે આવશે એ નિશ્ચિત નથી.

## મેટ્રો રેલ માટે

● અનુસંધાન પહેલાનું ચાલુ

રૂ. ૫૦૦ કરોડ તો ચાલુ બજેટમાં જ ફાળવી દેવાયા છે. કુલ પ્રોજેક્ટ ખર્ચની ૨૦ ટકા રકમ કેન્દ્ર સરકાર પાસેથી મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ માટે અપાતા વાયાબિલિટી ગેપ ફંડમાંથી મેળવવાની અપેક્ષા છે.

રાજ્ય સરકારે પ્રોજેક્ટ ફાઈનાન્સિંગનું પ્રાથમિક માળખું નક્કી કરી નાખ્યું છે, જે પ્રમાણે મેગા કંપની બજારમાંથી રૂ. ૭૫૦૦ કરોડ જેટલી રકમ ઉધાર લેશે. જ્યારે બાકીની રૂ. ૪૫૦૦ કરોડ જેટલી રકમ રાજ્ય સરકાર પોતાના બજેટમાંથી આગામી ત્રણ-ચાર વર્ષમાં ફાળવશે. અને બાકીના રૂ. ૩૦૦૦ કરોડ કેન્દ્ર સરકાર પાસેથી હાલ અપેક્ષિત છે. સૂત્રોએ વધુમાં જણાવ્યું કે મેગા દ્વારા ઈનવાઈટ કરાયેલા એક્સપ્રેશન ઓફ ઈન્ટરરેસ્ટમાં ૧૨ મોટી બેન્કો પ્રોજેક્ટને નીચા દરે ફંડ કરવા તૈયાર છે. આથી પ્રોજેક્ટ ફાઈનાન્સિંગ બહુ મોટો ઈશ્યુ નહી રહે.

અમદાવાદ-ગાંધીનગર વચ્ચે મેટ્રો રેલ પ્રોજેક્ટની પરિકલ્પના પ્રથમવાર ૨૦૦૫માં કરાઈ હતી. પરંતુ ત્યારબાદ પ્રોજેક્ટમાં ઢીલ થઈ. જો કે છેલ્લા એકાદ વર્ષમાં રાજ્ય સરકારના પ્રયત્નોની પુનઃ આ પ્રોજેક્ટમાં ગતિ આવી છે. અને આ વર્ષે તો રૂ. ૫૦૦ કરોડની બજેટ ફાળવણી પણ રાજ્ય સરકારે કરી છે. ૨૦૦૫માં પ્રોજેક્ટની અંદાજિત કિંમત રૂ. ૫૦૦૦ કરોડ હતી, જે આજે રૂ. ૧૫૦૦૦ કરોડ પહોંચી છે. રાજ્ય સરકાર આ પ્રોજેક્ટને અમદાવાદથી આશરે ૮૦ કિ.મી. દૂર આવેલા ધોલેરા એસઆઈઆર સાથે પણ જોડવા માંગે છે. પરંતુ તેના ખર્ચ અને તેની વાયાબિલિટી વિશે રાજ્ય સરકાર અવઢવમાં છે.

પ્રોજેક્ટ સાથે સંકળાયેલા ઉચ્ચસ્તરીય સૂત્રોના કહેવા પ્રમાણે હાલ પ્રોજેક્ટ શરૂ કરવા સંબંધી તમામ સ્થળ પરિક્ષણ તથા અન્ય ટેસ્ટ સફળતાપૂર્વક પૂરા થઈ ગયા હોવા છતાં પ્રોજેક્ટ શરૂ કરવામાં ભયંકર વિલંબ થઈ રહ્યો છે. જેના માટે રાજ્ય સરકાર દ્વારા નિમાયેલી મંત્રીઓની ઉચ્ચસ્તરીય કમિટી મહદ્અંશે જવાબદાર છે. રાજ્ય સરકારે નીમેલી મંત્રીઓની કમિટીએ મેટ્રો રેલના બે રૂટમાંથી કયો રૂટ પહેલો લેવો અને પ્રોજેક્ટ અન્ડર ગ્રાઉન્ડ કરવો કે ઓવરબ્રિજથી કરવો તે અંગે નિર્ણય લેવાનો છે. આ પ્રોજેક્ટને પૂરો થતાં ત્રણથી પાંચ વર્ષનો સમય લાગશે.